◆ ADVT ◆
અહીં જાહેરાત આપો
98700 06472 · need24.digital

NEED24 NEWS
हर ख़बर, हर शहर

નીડ 24 ન્યૂઝ

દરેક ખબર, દરેક શહેર

◆ ADVT ◆
અહીં જાહેરાત આપો
98700 06472 · need24.digital

DIGITAL E-PAPER

PRGI APPLICATION UNDER PROCESS
Application No. T/GJ/2026/0619/2304/1577

GST
GSTIN 24CINPG0564Q1ZT

UDYAM REGISTERED
UDYAM-GJ-14-0003714

◆ DIGITAL NEWS NETWORK ◆
ભારતનું વિશ્વસનીય બહુભાષી ડિજિટલ ન્યૂઝ નેટવર્ક
11+ Languages | 24×7 Live | e-Paper Daily

અમારી App ડાઉનલોડ કરો
Download on the App Store
GET IT ON Google Play

www.need24.digital
info@need24.in
+91 98700 06472
FOLLOW US:

तेज़ | सटीक | निष्पक्ष | जनहित में | सच की आवाज़ | जन-जन की आवाज़ | निडर पत्रकारिता

GUJARAT | નીડ 24 ન્યૂઝ · દરેક ખબર, દરેક શહેર | 29 November 2026

LOCAL

ગુજરાતના 58 ટોલ પ્લાઝા પર કેમેરાની નજર! હવે નંબર પ્લેટ સ્કેન થતા જ વાહનના દસ્તાવેજોની તપાસ થશે, નિયમોનું ઉલ્લંઘન કરવાથી ઘર પહોંચશે ઇ-ચલાન



ગાંધીનગર. ગુજરાતમાં વાહન ચાલકો માટે એક મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યું છે. રાજ્ય સરકારએ હાઈવે પર વાહનોની દેખરેખ અને રસ્તાની સુરક્ષા મજબૂત બનાવવા માટે ઇ-ડિટેક્શન (E-Detection) સિસ્ટમનો વિસ્તાર વધારવાનો નિર્ણય લીધો છે. અત્યાર સુધી મુખ્યત્વે ટ્રક, બસ અને અન્ય વ્યાપારી વાહનોના દસ્તાવેજોની તપાસ કરતી આ વ્યવસ્થા હવે ખાનગી કાર સહિત અન્ય ખાનગી વાહનોને પણ સામેલ કરે છે.

ટોલ પ્લાઝા પર નંબર પ્લેટ સ્કેન થશે

આ વ્યવસ્થામાં હાઈવેના ટોલ પ્લાઝા પર લગાવેલા હાઈટેક કેમેરા ત્યાંથી પસાર થતા વાહનોની નંબર પ્લેટ સ્કેન કરશે. ત્યારબાદ વાહનના રજિસ્ટ્રેશન નંબરના આધારે સરકારી ડિજિટલ રેકોર્ડમાં ઉપલબ્ધ દસ્તાવેજોની માન્યતા અને તેમની સમાપ્તિ તારીખની તપાસ કરવામાં આવશે.

મીડિયા રિપોર્ટ મુજબ, ગુજરાતના પરિવહન આયુક્ત ઓફિસની તરફથી 21 નવેમ્બર 2026ને ખાનગી વાહનોને પણ ઇ-ડિટેક્શન સિસ્ટમના વિસ્તારમા લાવવા અંગે માહિતી આપવામાં આવી હતી. આ પહેલાં આ વ્યવસ્થાનો ઉપયોગ મુખ્યત્વે કમર્શિયલ વાહનોના દસ્તાવેજોની તપાસ માટે થતો હતો.

વાહન ચાલકો માટે જરૂરી સલાહ

તમારા વાહનનું PUC સમયસર નવિન કરો.

ઇન્શ્યોરન્સની સમાપ્તિ તારીખ જરૂર ચેક કરો.

RCની માહિતી સરકારી રેકોર્ડમાં સાચી રાખો.

વાહનના તમામ જરૂરી દસ્તાવેજ અપડેટ રાખો.

મહત્વપૂર્ણ સ્પષ્ટીકરણ: 58 ટોલ પ્લાઝાની સંખ્યા સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવાઈ રહી છે, પરંતુ ઉપલબ્ધ અધિકારીય નિવેદન આધારિત રિપોર્ટોમાં આ સંખ્યા અલગથી પુષ્ટિ મળી નથી. એ જ રીતે ₹15,000ની નિશ્ચિત ચલાનની રકમ પણ પુષ્ટિ નથી. કાર્યવાહી લાગુ નિયમો અનુસાર થશે.

— Hitesh Gumrani, Ahmedabad

JOBS & CAREER

8% ઈન્ક્રીમેન્ટ, 5 પ્રમોશન અને 15 લાખનો વીમો... 8મા પગારપંચ હેઠળ કર્મચારીઓએ શું-શું માગ્યું?



8મા પગાર પંચને લઈને કેન્દ્રીય કર્મચારીઓએ પોતાની માંગણીઓ તેજ કરી દીધી છે. કર્મચારી સંગઠન ભારત રક્ષા મજદૂર સંઘ (BPMS) દ્વારા પગાર પંચ સમક્ષ પગાર, પેન્શન, બોનસ અને રજાઓને લગતા કુલ 73 પ્રસ્તાવો રજૂ કરવામાં આવ્યા છે. આ મુખ્ય માંગણીઓમાં 6 ટકા વાર્ષિક ઇન્ક્રીમેન્ટ, સમગ્ર કારકિર્દી દરમિયાન 5 વખત પ્રમોશન અને 15 લાખ રૂપિયા સુધીનું વીમા કવર આપવાનો સમાવેશ થાય છે.

વાર્ષિક ઇન્ક્રીમેન્ટ 3%થી વધારી 6% કરવા અને 50% DA મર્જ કરવાની માંગ

BPMSએ માંગણી કરી છે કે હાલમાં કેન્દ્રીય કર્મચારીઓને મળતા 3 ટકા વાર્ષિક ઇન્ક્રીમેન્ટને વધારીને 6 ટકા કરવામાં આવે. આ ઉપરાંત, મોંઘવારી ભથ્થા (DA)નો 50 ટકા હિસ્સો બેઝિક સેલેરી અને પેન્શનમાં મર્જ કરવાનો પણ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

30 વર્ષની નોકરીમાં 5 વખત પ્રમોશનની વ્યવસ્થા

કર્મચારી સંગઠને 30 વર્ષની સેવા દરમિયાન ઓછામાં ઓછા 5 વખત નાણાકીય અપગ્રેડેશન (MACP) આપવાની માંગ કરી છે. આ સાથે જ પ્રમોશન માટે મહત્તમ 5 વર્ષની સમયમર્યાદા નક્કી કરવા અને ખાલી જગ્યાઓ પર નિર્ભર રહેવાને બદલે ડાયનેમિક પ્રમોશન સિસ્ટમ લાગુ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે.

વીમા કવર 30 હજારથી વધારીને 15 લાખ કરવાનો પ્રસ્તાવ

BPMS દ્વારા કેન્દ્રીય કર્મચારી જૂથ વીમા યોજના (CGEGIS) હેઠળ મળતા વીમા કવરને 30 હજાર રૂપિયાથી વધારીને ઓછામાં ઓછું 15 લાખ રૂપિયા કરવાની માંગ કરવામાં આવી છે. તેવી જ રીતે, ડિપોઝિટ લિંક્ડ ઇન્શ્યોરન્સની મર્યાદા પણ વધારીને 10 લાખ રૂપિયા કરવાનો પ્રસ્તાવ મૂકાયો છે.

— sutariya kalpeshbhai haribhai, Surat

LIFESTYLE

LPGથી માંડી ક્રેડિટ કાર્ડ સુધી... 1 ડિસેમ્બરથી દેશમાં થશે 5 મોટા ફેરફાર, કાર પણ મોંઘી થવાના એંધાણ



માટે ત્રણ શ્રેણી નક્કી કરાઈ છે, જેમાં ઓછી વધઘટવાળી કમૉડિટી પર 6 ટકા, મધ્યમ વધઘટવાળી પર 8 ટકા અને વધુ વધઘટવાળી કમૉડિટી પર 10 ટકા માર્જિન રાખવું જરૂરી રહેશે.

GST રજિસ્ટ્રેશન રદ કરવાની પ્રક્રિયામાં બદલાવ

1 ડિસેમ્બરથી લાગુ થનારા પાંચમા ફેરફાર હેઠળ સેન્ટ્રલ બોર્ડ ઑફ ઇનડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ્સ (CBIC)એ સેન્ટ્રલ જીએસટી નિયમ 2017માં સુધારો કર્યો છે, જેને 25 નવેમ્બરના રોજ નોટિફાઈ કરવામાં આવ્યો છે. તેના દ્વારા જીએસટી રજિસ્ટ્રેશન રદ કરવાની અરજીની પ્રક્રિયામાં ફેરફાર કરવામાં આવ્યો છે. પાત્ર અરજીઓ પર જીએસટી કોમન પોર્ટલ દ્વારા ઇલેક્ટ્રૉનિક રીતે કાર્યવાહી કરવામાં આવશે, જ્યારે બાકી રિટર્ન કે બાકી રકમ ધરાવતા કેસો તપાસ માટે સંબંધિત અધિકારી પાસે મોકલવામાં આવશે.

— sutariya kalpeshbhai haribhai, Surat

LOCAL

24 કલાકથી વધુના આઉટેજ બાદ માઈક્રોસોફ્ટમાં 'કોડ રેડ' જાહેર, કર્મચારીઓમાં કેમ ફફડાટ?



સિસ્ટમ વિકસાવવાનો સમાવેશ થાય છે.

● AI એજન્ટ્સની નિમણૂક: કંપનીએ ટાર્ગેટ રાખ્યો છે કે ભવિષ્યમાં જો આવી કોઈ તકનીકી ખામી સર્જાય, તો તેને માત્ર 1 કલાકમાં ઉકેલી લેવામાં આવે. આ માટે એન્જિનિયરોની મદદ કરવા ખાસ AI એજન્ટ્સ તૈયાર કરવામાં આવશે, જે સિસ્ટમની ખામીઓની અત્યંત ઝડપથી તપાસ કરી શકશે.

ધીમા સિક્યોરિટી પેચ અંગે વ્યક્ત કરાઈ ગંભીર ચિંતા

અહેવાલો મુજબ, જેસન હેન્ડરસને પોતાના અન્ય એક મેમોમાં સિક્યોરિટી પેચ લાગુ કરવાની ધીમી ગતિ પર પણ ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે એક મહત્વપૂર્ણ પ્રોડક્શન ફિક્સનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે તેને વિશ્વભરમાં પહોંચતા 6 દિવસ લાગી ગયા હતા. હેન્ડરસનના મતે, સિસ્ટમમાં કોઈ ગંભીર સુરક્ષા જોખમની ઓળખ થયા બાદ ગણતરીના કલાકોમાં જ તેનું સમાધાન સમગ્ર વિશ્વમાં લાગુ થઈ જવું જોઈએ, પરંતુ હાલમાં માઇક્રોસોફ્ટ આ માટે સંપૂર્ણપણે તૈયાર નથી.

— sutariya kalpeshbhai haribhai, Surat

AUTOMOBILE

હવે વાહનોના 'ફિંગરપ્રિન્ટ' પરથી કપાશે ટોલ ટેક્સ! જાણો શું છે આ નવી 'MLFF' ટેકનિક, જેનાથી 80ની સ્પીડે પણ બ્રેક માર્યા વિના કપાઈ જશે ટોલ!



હવે ટોલ પ્લાઝા પર લાંબી લાઇનોમાં ઊભા રહેવાની અને બેરિયર ખુલવાની રાહ જોવાની ઝંઝટનો કાયમી અંત આવવા જઈ રહ્યો છે. દેશની રાજધાની દિલ્હીમાં ટોલ વસૂલાત માટે એક અત્યંત આધુનિક ટેકનોલોજી લાગુ કરવામાં આવી રહી છે, જેનું નામ MLFF એટલે કે 'મલ્ટી-લેન ફ્રી ફ્લો' સિસ્ટમ છે. આ નવી વ્યવસ્થા હેઠળ ટોલ નાકા પર કોઈ બેરિયર નહીં હોય અને વાહનો 80 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પસાર થશે તો પણ વાહનના 'ડિજિટલ ફિંગરપ્રિન્ટ'ની મદદથી ટોલ ટેક્સ આપોઆપ કપાઈ જશે.

વર્તમાન FASTag સિસ્ટમ કરતાં કેવી રીતે અલગ છે આ નવી ટેકનોલોજી?

● રોકાવાની કે સ્પીડ ઘટાડવાની જરૂર નહીં: હાલની FASTag સિસ્ટમમાં ભલે પૈસા ડિજિટલ રીતે કપાતા હોય, પરંતુ તેમ છતાં વાહનને બેરિયર પાસે થોભવું પડે છે, જ્યાં કેમેરા ટેગ રીડ કરે છે અને ત્યારબાદ બેરિયર ખુલે છે. પરંતુ MLFF સિસ્ટમમાં ટોલ નાકા પર કોઈ બેરિયર જ નહીં હોય.

● 80 km/hની રફતારે ટોલ કપાશે: વાહનચાલકને બ્રેક મારવાની કે ગાડી ધીમી પાડવાની પણ જરૂર નહીં પડે. જો તમારી ગાડી 80ની સ્પીડે પણ ટોલ નાકા પરથી પસાર થશે, તો ઉપર લાગેલા સેન્સર અને કેમેરા વાહનનું 'ફિંગરપ્રિન્ટ' સ્કેન કરીને તરત જ ટોલ કાપી લેશે. આખરે શું હોય છે વાહનનું 'ફિંગરપ્રિન્ટ' અને 'ગેન્ટ્રી' માળખું?

માણસની આંગળીઓની છાપની જેમ દરેક વાહનની પણ પોતાની એક ખાસ ડિજિટલ ઓળખ હોય છે, જેને ટેકનિકલ ભાષામાં વાહનનું ફિંગરપ્રિન્ટ કહેવામાં આવે છે:

● બેરિયરને બદલે 'ગેન્ટ્રી': આ સિસ્ટમ હેઠળ દરેક લેનની ઉપર એક ઊંચો ગેટ જેવો ઢાંચો બનાવવામાં આવે છે, જેને 'ગેન્ટ્રી' કહેવાય છે. આ ગેન્ટ્રી પર RFID રીડર, હાઈ-ડેફિનેશન કેમેરા અને અત્યાધુનિક સેન્સર્સ લાગેલા હોય છે.

— sutariya kalpeshbhai haribhai, Surat

JOBS & CAREER

કાનપુરના યુવકને ગૂગલે આપ્યું 2 કરોડનું પેકેજ, બેંગલુરુથી સીધા અમેરિકા બદલી, જાણો એના અભ્યાસ વિશે



કાનપુરના યુવા સોફ્ટવેર એન્જિનિયર પારસ યાદવે પોતાની પ્રતિભાના જોરે શહેર અને દેશનું નામ રોશન કર્યું છે. ગૂગલની બેંગલુરુ ઓફિસમાં બે વર્ષ સુધી શાનદાર કામગીરી કર્યા બાદ હવે કંપનીએ તેને અમેરિકા સ્થિત કિર્કલેન્ડ ઓફિસ માટે પસંદ કર્યા છે. આ ઇન્ટરનેશનલ ટ્રાન્સફર પર પારસને વાર્ષિક આશરે 2 કરોડ રૂપિયાનું પેકેજ ઓફર કરવામાં આવ્યું છે અને તેઓ ત્યાં ગૂગલમાં એલ-4 (L-4) સોફ્ટવેર એન્જિનિયર તરીકે ફરજ બજાવશે. ચકરપુર વિસ્તારના રહેવાસી પારસના પિતા અવધેશ યાદવ પીએસઆઈટી (PSIT)માં કાર્યરત છે.

IIIT કુર્નૂલમાંથી ગોલ્ડ મેડલ સાથે B.Techનો અભ્યાસ

કાનપુરના યુવકને ગૂગલે આપ્યું 2 કરોડનું પેકેજ, બેંગ્લુરુથી સીધા અમેરિકા બદલી, જાણો એના અભ્યાસ વિશે



કાનપુરના યુવા સોફ્ટવેર એન્જિનિયર પારસ યાદવે પોતાની પ્રતિભાના જોરે શહેર અને દેશનું નામ રોશન કર્યું છે. ગૂગલની બેંગલુરુ ઓફિસમાં બે વર્ષ સુધી શાનદાર કામગીરી કર્યા બાદ હવે કંપનીએ તેને અમેરિકા સ્થિત કિર્કલેન્ડ ઓફિસ માટે પસંદ કર્યા છે. આ ઇન્ટરનેશનલ ટ્રાન્સફર પર પારસને વાર્ષિક આશરે 2 કરોડ રૂપિયાનું પેકેજ ઓફર કરવામાં આવ્યું છે અને તેઓ ત્યાં ગૂગલમાં એલ-4 (L-4) સોફ્ટવેર એન્જિનિયર તરીકે ફરજ બજાવશે. ચકરપુર વિસ્તારના રહેવાસી પારસના પિતા અવધેશ યાદવ પીએસઆઈટી (PSIT)માં કાર્યરત છે.

IIIT કુર્નૂલમાંથી ગોલ્ડ મેડલ સાથે B.Techનો અભ્યાસ

પારસ યાદવનું પ્રારંભિક શિક્ષણ ભૌતી સ્થિત પૃથ્વીરાજ એજ્યુકેશન સેન્ટરમાંથી થયું હતું. જેઈઈ મેઈન્સમાં સારો રેન્ક મેળવ્યા બાદ તેમણે પ્રતિષ્ઠિત સંસ્થા ટ્રિપલ આઈટી (IIIT) કુર્નૂલમાં કમ્પ્યૂટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ (CSE) શાખામાં પ્રવેશ મેળવ્યો હતો. વર્ષ 2024માં B.Techની ડિગ્રી સાથે તેમને સંસ્થામાં ગોલ્ડ મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ પારસની પસંદગી ગૂગલના બેંગલુરુ ઓફિસમાં થઈ હતી.

તેમના પિતાના જણાવ્યા અનુસાર, પારસને શરૂઆતથી જ કોડિંગ પ્રત્યે લગાવ રહ્યો છે અને તેમણે અનેક સ્પર્ધાઓ પણ જીતી છે. અભ્યાસકાળ દરમિયાન તેઓ પોતાના સહપાઠીઓ અને સિનિયર્સને વિનામૂલ્યે ઓનલાઇન કોડિંગની તાલીમ પણ આપતા હતા.

પારસના મતે, ટેક્નોલોજી ક્ષેત્રે સફળતા માટે પ્રોગ્રામિંગ, કોડિંગ, અલ્ગોરિધમ અને ડેટા સ્ટ્રક્ચરની મજબૂત સમજ તથા સતત નવી ટેક્નોલોજી શીખવાની વૃત્તિ અત્યંત જરૂરી છે.

IIIT કુર્નૂલમાં JEE મેઈન્સ દ્વારા પ્રવેશ: જોસા 2026ના 5મા રાઉન્ડનું કટ-ઑફ

IIIT કુર્નૂલમાં JEE મેઈન્સના રેન્કના આધારે પ્રવેશ આપવામાં આવે છે. જોસા (JoSAA) 2026ના 5મા રાઉન્ડમાં અહીંની મુખ્ય શાખાઓ માટે ઓપનિંગ અને ક્લોઝિંગ રેન્ક નીચે મુજબ રહ્યા હતા:

— sutariya kalpeshbhai haribhai, Surat

INTERNATIONAL

શેખ હસીનાને જરા પણ ચોટ લાગશે તો બાંગ્લાદેશમાં અગન જ્વાળા ફેલાઈ જશે



પેન્ટાગોનના પૂર્વ અધિકારીએ આપેલી ચેતવણી

બાંગ્લાદેશ જે દિવસે 'આઝાદ' થયું તે દિવસે ૧૬મી ડિસેમ્બરને હસીનાએ ગૃહવાપસી માટે નિશ્ચિત કર્યો છે : હજી ત્યાં ભારેલો અગ્નિ છે

ઢાકા : બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીના ૧૬મી ડિસેમ્બરના 'વિજય દિવસે' બાંગ્લાદેશ પાછા ફરવાનો નિર્ણય કર્યો છે. તઓ બે વર્ષ સુધી ભારતમાં રાજદ્વારી આશ્રય લઈ રહ્યા છે. બીજી તરફ બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાને જાહેર કર્યું છે કે, 'શેખ હસીના બાંગ્લાદેશમાં પગ મૂકશે કે તુર્ત જ તેમને ગિરફતાર કરી જેલ ભેગા કરી દેવાશે. તે પછી તેઓ ઉપર હત્યાઓ તથા ભ્રષ્ટાચાર સહિતના આરોપોને લીધે કાનૂની કાર્યવાહી કરી, ફાંસી પણ આપવામાં આવશે.

આ બધું જાણતા હોવા છતાં બાંગ્લાદેશના સર્જક શેખ મુજીબ-ઉર- રહેમાનના પુત્રી શેખ હસીનાએ ૧૬મી ડિસેમ્બર- જે દિવસે બાંગ્લાદેશ પૂર્વ પાકિસ્તાન મટી બાંગ્લાદેશ તરીકે જગમંચ પર ઉપસ્થિત થયું. ફરે તો તારિક રહેમાનની સરકારે વિદાય જ લેવી પડે તેથી હસીના ઉપર તારિક સરકારે માનવ હત્યા, ભ્રષ્ટાચાર વગેરેના મનઘડંત આક્ષેપો મુકી પહેલા તેમને કારાવાસમાં રાખી પછી 'કહેવાતી' કાનૂની વિધિ કરી તેઓને ફાંસી આપવાનો નિર્ણય કર્યો છે. જે સામે પેન્ટાગોનના આ પૂર્વ અધિકારીએ ચેતવણી ઉચ્ચારી છે અને કહ્યું છે કે તેથી દેશમાં સંઘર્ષ, હિંસા અને અરાજકતા ફેલાઈ જશે.

ન્યૂયોર્કમાં 'ફ્યુચર ઓફ બાંગ્લાદેશ' નામક પરિસંવાદમાં બોલતા રૂબિને બાંગ્લાદેશમાંના અમેરિકાના રાજદૂત તેમજ બીજા દેશના રાજદ્વારીઓને પણ રૂબિને અનુરોધ કર્યો હતો કે તેઓ તારીક રહેમાનને સમજાવે છતાં તેઓ ન સમજે તો હસીનાના સમર્થકો વિફરી ઉઠશે અને દેશભરમાં વ્યાપક હિંસા અને અંધાધૂંધી ફાટી નીકળશે.

વળી, બીજી તરફ શેખ હસીનાએ સ્વદેશ પાછા ફરવા માટે બાંગ્લાદેશનું નાગરિક વિમાન મોકલવા બાંગ્લાદેશની સરકારને વિનંતી કરી છે. તેમ જ તેઓ માટે નવો પાસપોર્ટ બનાવડાવી આપવા તથા નવા આઇ-કાર્ડ માટે પણ ભારતસ્થિત બાંગ્લાદેશના હાઇ કમિશનરને પત્ર લખી માકલ્યો છે.

જોવાનું એ રહે છે કે બાંગ્લાદેશની પરિસ્થિતિ જોતાં ભારત સરકાર જ તેઓને બાંગ્લાદેશ જવા દે. દરમિયાન તારિક સરકાર હસીનાના પ્રત્યાર્પણ માટે ધી હેગ સ્થિત આંતરરાષ્ટ્રીય અદાલતમાં જવા માગે છે.

ટૂંકમાં પરિસ્થિતિ ઘણી ગુંચવાઈ છે.

— sutariya kalpeshbhai haribhai, Surat

INTERNATIONAL

પૂર્વ અફઘાનિસ્તાનના કુન્નાર પ્રાંતની શાળામાં વિસ્ફોટ : અનેક વિદ્યાર્થીઓ ઘાયલ અનેકનાં મોત



શનિવારે સવારે 10 વાગે કુન્નાર પ્રાંતના અંદાર-શેર વિસ્તારમાં આવેલી શાળામાં થયેલા આ વિસ્ફોટનું કારણ જાણી શકાયું નથી : કટ્ટરવાદી કૃત્ય હોવાની આશંકા

દેશના પૂર્વ ભાગમાં આવેલા કુન્નાર પ્રાંતના અંદાર-શેર વિસ્તારમાં આવેલી એક મિડલ સ્કૂલમાં પ્રચંડ વિસ્ફોટ થતાં અનેક વિદ્યાર્થીઓ ઘાયલ થયા છે. અનેકનાં મૃત્યુ થયા છે. ઘાયલો અને મૃતકોનો આંક હજી જાણી શકાયો નથી.

કુનાર પ્રોવિન્શ્યલ પોલીસ હેડકવાર્ટરના પ્રવકતા ફરીદ દેહકાએ જણાવ્યું હતું કે અંદાર-શેર વિસ્તારમાં આવેલી આ માધ્યમિક શાળામાં શનિવારે સવારે પ્રચંડ વિસ્ફોટ થતાં અનેક વિદ્યાર્થીઓને ઈજાઓ થઈ હતી, અનેકના મૃત્યુ થયા હતા, પરંતુ ચોક્કસ આંક હજી જાણી શકાયો નથી. આ વિસ્ફોટને લીધે લાગેલી આગ બુઝાયા પછી તે સંખ્યા જાણી શકાશે. આ સાથે તે પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, આ વિસ્ફોટનું કારણ હજી સુધી જાણી શકાયું નથી તે માટે કુન્નાર પ્રાંતની તપાસ ટુકડીઓ કાર્યરત થઈ ગઈ છે.

આ પ્રચંડ વિસ્ફોટ અંગે કેટલાકનું તેમ પણ માનવું છે કે તે આતંકવાદી કૃત્ય પણ હોઈ શકે, કારણ કે તે માધ્યમિક શાળામાં અંગ્રેજી પણ ભણાવવામાં આવે છે. જ્યારે કટ્ટરવાદીઓ કોઈ પણ પ્રકારના પાશ્ચત્ય શિક્ષણનો પૂરા ઝનૂનથી વિરોધ કરે છે. તેથી અંગ્રેજી ભણાવતી અને આધુનિક શિક્ષણ આપતી શાળાઓ, તેના શિક્ષકો અને અંગ્રેજી ભણવા માગતાં, તેમજ આધુનિક શિક્ષણ પણ મેળવવા માગતાં વિદ્યાર્થીઓમાં દહેશત ફેલાવવા તે આતંકીઓ આવા દુષ્કૃત્યો કરતા રહે છે, જેના ભાગરૂપે આ વિસ્ફોટ થયો હોવાની પૂરેપૂરી શક્યતા છે. મોડેથી મળતા સમાચારો જણાવે છે કે તે વિસ્ફોટમાં ૭ વિદ્યાર્થીઓના મૃત્યુ થયાં હતાં અને ૯૭ને ઇજાઓ થઈ હતી.

— sutariya kalpeshbhai haribhai, Surat

પેરૂમાં ધોળે દિવસે ધાડ : ડાકુઓએ કાર પર 30 ગોળી છોડી : ભારતીય ઇજાગ્રસ્ત : સોનુ, દાગીના લૂટી ગયા



વિજય પી. ઇઝા તેની પેરૂવીયન મિત્ર મીરાન્ડા એસ્પીનોઝા સાથે કારમાં એરપોર્ટ જતો હતો ત્યારે ડાકુઓએ માર્ગમાં કાર રોકી હુમલો કર્યો

લીયા : એક ભારતીય વિજય પી. ઇઝા તેની પેરૂવિયન 'મિત્ર' મીરાન્ડા એસ્પીનોઝા સાથે કારમાં એરપોર્ટ તરફ જતો હતો ત્યારે ડાકુઓએ માર્ગમાં કાર રોકી ગોળીબાર કર્યો તે પછી કારનો કાચ તોડી તેમાં રહેલી એક બ્રિફકેસ ઉઠાવી ગયા હતા. તે બ્રિફકેસોમાં આશરે ૨૦ કરોડ જેટલી કિંમતના દાગીના હતા ડાકુઓએ બંનેના પાકિટ પણ આંચકી લીધા હતા.

પેરૂના તુર્લે શહેર પાસે બનેલી આ ઘટના પછી સ્થાનિક લોકો તે બંનેની સહાયે પહોંચ્યા હતા બંને ભારે ઈજાઓ પણ થઈ હતી. તેઓને હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયા હતા.

આ ઘટનાની માહિતી મળતા પોલીસે તે લૂંટારાઓને પકડવા એકી સાથે આઠ વાહનો રવાના કરી જુદી જુદી દિશામાં તે પ્રયત્નો હાથ ધર્યા છે તેમજ વધુ તપાસ પણ હાથ ધરી છે.

સેવાઓ પોલીસ સ્ટેશનની હદમાં આ ઘટના બની હતી તેના પોલીસ વડા જનરલ ઓલ્ગેર બેનાવીડેસે કહ્યું હતું કે, 'અમોને જે માહિતી મળી છે તે ઉપરથી કહી શકીએ છીએ કે તે ડાકુઓનો મુખ્ય ઇરાદો લૂંટનો જ હતો. તેમની ગોળીબારીથી બે વ્યક્તિને ઇજાઓ થઈ હતી તે પૈકી એક ભારતીય વંશનો છે. જ્યારે અન્ય એક પેરૂવિયન મહિલા છે તે બંને વચ્ચે પ્રેમસંબંધ હોવાનું પણ જાણવા મળ્યું છે. તેઓએ તે કાર તો એક સગા પાસેથી થોડા સમય પૂરતી માગી હતી."

પોલીસ તે વિસ્તારમાં રહેતા શંકાસ્પદોની પણ તપાસ ચલાવી રહી છે પોલીસનું કહેવું છે કે તે પ્રાપ્ય હકીકત ઉપરથી તેટલું કહી શકાય કે તે ડાકુઓનો ઇરાદો હત્યાનો ન હતો તેમનો ઇરાદો તો સોનું અને જર-ઝવેરાત લૂટવાનો જ હશે.

વિજયે કહ્યું હતું કે, અમારું લગભગ બધું જ લૂંટાઈ ગયું છે. અમારી કપડા રાખવાની બેગ પણ ડાકુઓ ઉઠાવી ગયા છે. અમારી પાસે બીજી જોડ કપડા પણ નથી. જો કે, હોસ્પિટલમાં તે બંનેની હાલત સુધારા પર છે તેમ પણ પોલીસે કહ્યું હતું.

— sutariya kalpeshbhai haribhai, Surat

AGRICULTURE

વાવ થરાદ: સુઈગામના કોરેટીમાં સિંચાઈના પાણી માટે ખેડૂતોનો હલ્લાબોલ, થાળી વગાડી વિરોધ, હિજરત કરવાની ચીમકી



સરહદી વિસ્તાર એવા સુઈગામ તાલુકાના કોરેટી ગામમાં રવિ સિઝન દરમિયાન સિંચાઈ માટે કેનાલનું પાણી ન મળતાં ખેડૂતોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. પાણીના અભાવે વાવેતર બગડવાની ભીતિ વચ્ચે ખેડૂતોએ થાળી વગાડી હલ્લાબોલ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું અને તંત્ર સામે તાત્કાલિક પાણી છોડવાની માંગ કરી હતી.

દેવું કરીને વાવણી કરી, હવે 'ઊંચું આભ ને નીચે ધરતી'

ખેડૂતોના જણાવ્યા અનુસાર, રવિ સિઝન માટે મોંઘાદાટ બિયારણ અને ખાતર ખરીદીને પાકની વાવણી કરી દેવામાં આવી છે. આ ખર્ચ પહોંચી વળવા માટે ઘણા ખેડૂતોએ વ્યાજે નાણાં લીધાં છે અને માથે દેવું કર્યું છે. તેમ છતાં ઑક્ટોબરથી આજ દિન સુધી સિંચાઈ માટે પૂરતું પાણી ન મળતાં 400થી 500 એકર જેટલી પિયત જમીન કોરી પડી હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે.

સ્થાનિક એક ખેડૂતે જણાવ્યું કે, અમે વારંવાર રજૂઆતો કરી, પણ કોઈ નિરાકરણ આવ્યું નથી. અલ-નીનોની અસરથી વરસાદ પણ ઓછો રહ્યો અને હવે પાણી વગર આખું ખેતર કોરું પડ્યું છે. આ વર્ષ કાઢવું બહુ મુશ્કેલ છે. હિજરતની ભીતિ

ખેડૂતોના કહેવા મુજબ, આ સમસ્યાથી આશરે 100થી 150 ખેડૂતો પ્રભાવિત થયા છે. વર્ષ 2015થી પૂરની સ્થિતિ અને ખારાશના કારણે જમીનની સ્થિતિ અંગે પણ ખેડૂતોએ ચિંતા વ્યક્ત કરી હતી. ખેડૂતોનું કહેવું છે કે જો ચોમાસા બાદ શિયાળુ સિઝન પણ નિષ્ફળ જશે, તો ખેડૂતો અને પશુધન માટે સ્થિતિ વધુ કફોડી બનશે અને પશુઓ સાથે હિજરત કરવાની નોબત આવી શકે છે.

— sutariya kalpeshbhai haribhai, Surat

મગર નું રેસકયુ



કેશોદ ના અજાબ ગામે ગામ ના રહેણાંક વિસ્તારમાં બે મગરમચ્છ જોવા મળતા તાલુકા પંચાયત સદસ્ય શ્રી અજયભાઈ દયાતર સરપંચ શ્રી મગનભાઈ અધેરા એ ઉપ સરપંચ શ્રી અભય વ્યાસ ને જાણ કરતા તાત્કાલિક કેશોદ વન વિભાગ ની રેસકયુ ટીમ ને બોલાવી હતી અને મોડી રાત્રે મગર નું ભારે જહેમત બાદ રેસકયુ કરવામાં આવેલ હતું લાયન રેસકયુ ટીમ કેશોદ ના વોલયનટર અને કેશોદ વન વિભાગ ના ગાર્ડ ચાવડા સાહેબ ના માર્ગદર્શન હેઠળ ટ્રેકર ટીમ હાર્દિક રાવલિયા અને નાગાજણ નજર દ્વારા સાસણ ના કમલેશ્વર ડેમ ખાતે છોડવા ની કામગીરી હાથ ધરવામાં આવી હતી હજુ પણ આજુ બાજુ ના વોકળા તળાવ માં બીજી મગરો જોવા મળે છે ખેડૂત ભાઈઓ ખેત મજુરો એ ખાસ તકેદારી રાખવી તેવું જણાવ્યું છે

— Jagodadiya Abhaykumar Bhanbhai

LOCAL

સુરતના બારડોલીમાં સરપંચ અનામત રોટેશનમાં રાજકીય દખલગીરીના આક્ષેપ સાથે વિરોધ!

સુરત જિલ્લાના બારડોલી તાલુકાની 76 ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે પ્રસિદ્ધ કરાયેલા સરપંચ પદના અનામત રોટેશનના જાહેરનામા સામે ઉગ્ર વિરોધ ઊભો થયો છે. રાજકીય દબાણ હેઠળ બંધારણીય જોગવાઈઓ અને રોસ્ટર પદ્ધતિનો સરેઆમ ભંગ કરી અનુસૂચિત જાતિ (એસસી) તેમજ અન્ય પછાત વર્ગ (ઓબીસી) ને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પ્રતિનિધિત્વથી વંચિત રખાયા હોવાના ગંભીર આક્ષેપ સાથે તાલુકાના જાગૃત નાગરિકોએ તંત્ર સમક્ષ મોરચો માંડ્યો છે.

નાગરિકોને અંધકારમાં રાખી બહાર પાડ્યું જાહેરનામું!

સુરત જિલ્લાના ગ્રામ પંચાયતની ચૂંટણીના ગત સોમવારે બહાર પડેલા જાહેરનામા મુજબ બારડોલી તાલુકાની કુલ 76 પંચાયતો પૈકી 75 બેઠકો અનુસૂચિત જનજાતિ (એસટી) માટે અનામત રખાઈ છે, જ્યારે માત્ર બાબેન ગ્રામ પંચાયતને સામાન્ય (બિન-અનામત) જાહેર કરાઈ છે. આવેદનપત્ર આપી રજૂઆતકર્તાઓએ જણાવ્યું હતું કે, બિન-અનુસૂચિત વિસ્તાર તથા નોંધપાત્ર વસ્તી ધરાવતા ગામોમાં રાજ્ય સરકારના નવા નિયમ મુજબ 27 ટકા ઓબીસી અને વસ્તીના ધોરણે એસસી અનામત મળવી જોઈએ. તદુપરાંત બાબેન પંચાયતમાં છેલ્લા ઘણા વર્ષોથી રોટેશન વગર માત્ર સામાન્ય બેઠક જ ચાલતી હોવાનું જણાવી નિયમોનું ઉલ્લંઘન થયાનો આક્ષેપ કરાયો છે.

આ અંગે આગેવાનોએ કાર્યકારો સાથે મળી આવેદનપત્ર રજૂ કર્યું તેમજ ગુજરાત હાઈકોર્ટ અને સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ ટાંકીને બારડોલીના આગેવાનોએ કાર્યકરો સાથે આજે શુક્રવારે મામલતદાર કચેરી ખાતે પહોંચી જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીને સંબોધતું આવેદનપત્ર સુપરત કર્યું હતું. જેમાં જાહેરનામાની તાત્કાલિક પુનઃ સમીક્ષા કરી વસ્તીના આધારે બંને વર્ગોને ન્યાય આપવા માંગ કરી છે. જેની નકલ રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગર અને તાલુકા વિકાસ અધિકારીને પણ મોકલી આપવામાં આવી છે.

— sutariya kalpeshbhai haribhai, Surat

સુરત ₹19 લાખના કથિત તોડકાંડનો વિવાદ વકર્યો: પ્રદેશ પ્રમુખ સવાલોથી ભાગ્યા, મહામંત્રીએ કહ્યું- 'મીડિયાને નોટિસ ન આપવી જોઈએ'



સુરત ભાજપના વોટ્સએપ ગ્રુપમાં ₹19 લાખના કથિત તોડકાંડની ચેટ વાયરલ થયા બાદ રાજકીય વિવાદ વધુ વકર્યો છે. 40થી 50 સભ્યો ધરાવતા ગ્રુપમાં બે કાર્યકર્તાઓ વચ્ચે લાખોના સેટલમેન્ટની ચર્ચા વાયરલ થતાં અગાઉ 40 જેટલી મીડિયા સંસ્થાઓ સામે ડિંડોલી પોલીસ સ્ટેશનમાં અરજી કરાઈ હતી, ત્યારે હવે પક્ષ દ્વારા પોતાના જ નેતાને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી હોવાનો ભાજપે દાવો કર્યો છે. બીજી તરફ, આ મુદ્દે ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા મીડિયાના સીધા સવાલોથી બચતા જોવા મળ્યા હતા.

પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ સવાલો ટાળ્યા

વાયરલ વોટ્સએપ ચેટ મુદ્દે મીડિયાએ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માને પૂછ્યું હતું કે, સુરતનું સંગઠન આ પ્રકારના તોડ કરે છે અને જાહેરમાં ચર્ચાઓ થાય છે તે અંગે શું કહેશો? તેના જવાબમાં કોઈ ઠોસ ઉત્તર આપવાને બદલે તેમણે માત્ર એટલું જ કહ્યું હતું કે, "જેણે પણ આ વાત કરી છે, એને વાત કરી લઉં પહેલાં."

કસૂરવાર સામે શિસ્તભંગના પગલાં લેવાશે: મહામંત્રી

આ મામલે સુરત શહેર ભાજપ તરફથી સત્તાવાર સ્પષ્ટતા ન આવી હોવા વચ્ચે મહામંત્રી પ્રશાંત કોરાટે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, "વોટ્સએપ ગ્રુપમાં વાયરલ થયેલી ચેટની તપાસ થશે અને શહેર અધ્યક્ષ પરેશભાઈએ પણ ખુલાસો માંગ્યો છે. તથ્ય જણાશે અને જે કોઈ કસૂરવાર હશે તેની સામે શિસ્તભંગના પગલાં લેવાશે." મીડિયાને નોટિસ મુદ્દે તેમણે ઉમેર્યું કે, "ચેટ વાયરલ થાય તો મીડિયા માહિતી પ્રસારિત કરતું હોય છે. કોર્પોરેટરનું નામ આવ્યું હોવાથી તેમણે વ્યક્તિગત રીતે ડિફેમેશનની કાર્યવાહી કરી છે, પરંતુ અમે કોર્પોરેટરને પણ કહીશું કે કોઈ મીડિયાના મિત્રોને આ પ્રકારે નોટિસ ન આપવી જોઈએ."

પક્ષના હોદ્દેદારોને 7 દિવસમાં ખુલાસો કરવા નોટિસ

વાયરલ ચેટ અને મીડિયા સમક્ષ નિવેદનોના વિવાદ વચ્ચે ભાજપે સંગઠનાત્મક કાર્યવાહી શરૂ કરી છે. વોર્ડ નં. 27 અને કિસાન મોરચા શહેર કાર્યકારી સભ્ય મનીષ નાયકને સોશિયલ મીડિયા પોસ્ટ, મીડિયા સમક્ષ પ્રેસ કોન્ફરન્સ અને વર્તનથી પક્ષને ક્ષોભજનક સ્થિતિમાં મૂકવા બદલ શોકોઝ નોટિસ અપાઈ છે.

— sutariya kalpeshbhai haribhai, Surat

LOCAL

લીલીયા તાલુકાના વહીવટીતંત્ર માં નવા મામલતદાર તરીકે કે.કે.વાળા ની નિમણૂક



લીલીયા તાલુકાના વહીવટી તંત્રમાં નવી શરૂઆત... નવા મામલતદાર તરીકે કે.કે. વાળાની નિમણૂક!

આવેલા વહીવટી ફેરબદલ અંતર્ગત લીલીયા તાલુકાના મામલતદાર એચ.બી. વાડાની મોરબી ખાતે બદલી કરવામાં આવી છે, જ્યારે તેમના સ્થાને કે.કે. વાળાને લીલીયા તાલુકાના નવા મામલતદાર તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.

નવા મામલતદાર કે.કે. વાળાના આગમન સાથે તાલુકાના મહેસૂલી વહીવટને નવી દિશા અને ગતિ મળવાની આશા છે.

ખાસ કરીને ખેડૂતો, ગ્રામજનો અને સામાન્ય નાગરિકોના મહેસૂલી પ્રશ્નોનું સમયસર નિરાકરણ, સરકારી યોજનાઓનો લાભ છેવાડાના લોકો સુધી પહોંચાડવો અને પારદર્શક વહીવટને પ્રાધાન્ય આપવું તે દિશામાં તેમની ભૂમિકા મહત્વપૂર્ણ બની રહેશે.

બીજી તરફ, લીલીયા તાલુકામાં ફરજ બજાવી મોરબી ખાતે બદલી પામેલા મામલતદાર એચ.બી. વાડીને પણ નવી જવાબદારી માટે શુભેચ્છાઓ.

— Hanif Katiyar

LOCAL

ખાંભા તાલુકા મથકે એસટી ડેપો ચાલુ કરવા ની માંગ



ખાંભા તાલુકાના લોકોની વર્ષો જૂની માંગ ફરી ઉઠી છે.

ગ્રામ્ય વિસ્તારોમાં એસટી બસોને પૂરતી સુવિધા ઉપલબ્ધ ન હોવાથી ખાંભા તાલુકાના ૫૭ ગામના લોકોને હાલાકી પડી રહી છે.

આથી ખાંભા તાલુકા મથકે એસટી ડેપો ચાલુ કરવા માટે સામાજિક કાર્યકર શ્રી ભાનુભાઈ કોઠીયાએ મુખ્યમંત્રી શ્રી, રાજ્યના વાહન વ્યવહાર મંત્રી શ્રી તથા સ્થાનિક ધારાસભ્ય શ્રી ધારી-ખાંભા અને સાંસદ શ્રી સમક્ષ રજૂઆત કરી છે.

ઘણા વર્ષો પહેલા ખાંભા ખાતે એસટી ડેપોનું મકાન બનેલ હતું, ત્યાંથી કોઈ કારણોસર આ જગ્યા એથી એસટી બસો આવ-જા કરતી નથી.

તેથી આ એસટી ડેપોનું મકાન પણ તૂટી ગયેલ છે. ખાંભા મુકામે એસટી ડેપો ના હોવાથી તાલુકાના ગામડાઓ તથા આજુબાજુના જિલ્લાઓ તથા સુરત, અમદાવાદ, રાજકોટ, ભાવનગર, દ્વારકા, સોમનાથ જેવી લાંબા અંતરની બસોની સુવિધા તાલુકાના લોકોને મળતી નથી.

અત્યારે રાજ્ય તથા અમરેલી જિલ્લાના મોટાભાગના તાલુકા મથકે એસટી ડેપો બની ગયેલ છે ત્યારે ખાંભા તાલુકા મથકે એસટી ડેપો તાત્કાલિક બનાવવામાં આવે તેવી લોકોની લાગણી છે.

— Hanif Katiyar

POLITICS

રોહિયાળ તલાટના પાંડકુંડ અને કોલવેરા હિલ સ્ટેશનની મંત્રી ઈશ્વરસિંહ પટેલે લીધી મુલાકાત



રોહિયાળ તલાટના પાંડકુંડ અને કોલવેરા હિલ સ્ટેશનની મંત્રી ઈશ્વરસિંહ પટેલે લીધી મુલાકાત

૯૨-કપરાડા વિધાનસભા પ્રવાસ કાર્યક્રમના બીજા દિવસે રાજ્ય સરકારના જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગનો સ્વતંત્ર હવાલો સંભાળતા રાજ્યકક્ષાના મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના વિવિધ સ્થળોની મુલાકાત લીધી હતી.પ્રવાસ દરમિયાન મંત્રીશ્રીએ રોહિયાળ તલાટ ગામ ખાતે આવેલા જળશુદ્ધિકરણ સ્થળ પાંડકુંડની મુલાકાત લીધી હતી. ત્યારબાદ કોલવેરા હિલ સ્ટેશનની મુલાકાત લઈ વિસ્તારની પ્રાકૃતિક સુંદરતા અને પ્રવાસન વિકાસની સંભાવનાઓનું તાલુકામાં પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે રહેલી શક્યતાઓનું અવલોકન કર્યું હતું. આ પ્રવાસનો હેતુ વિસ્તારના વિવિધ સ્થળોની સ્થિતિ અને વિકાસની સંભાવનાઓનું નિરીક્ષણ કરવાનો રહ્યો હતો.

— VITHALBHAI CHAUDHARI

LOCAL

બગસરા ના લુધીયા ગામના પાદરમાં સિંહે ગાયનું મારણ કર્યું



અમરેલી જિલ્લામાં માનવ વસાહતમાં સિંહ, દીપડા જેવા પ્રાણીઓની અવરજવર દિનપ્રતિદિન વધી રહી છે.

બગસરાનાં લુંધિયા ગામનાં પાદરમાં સિંહે ગાયનું મારણ કરતાં ગ્રામજનોમાં ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે.

હુમલાની ઘટના પ્રકાશમાં આવી રહી હોય નાગરિકોમાં ચિંતા અને ભયનો માહોલ છવાયો છે.

વન વિભાગ સિંહ, દીપડા જેવા પ્રાણીઓને સુરક્ષિત સ્થળે ખસેડે તેવી માંગ ઉભી થઈ રહી છે.

— Hanif Katiyar

POLITICS

પેઢારદેવી ખાતે અસ્ટ્રોલ યોજનાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મંત્રી ઈશ્વરસિંહ પટેલે લીધી મુલાકાત



પેઢારદેવી ખાતે અસ્ટ્રોલ યોજનાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મંત્રી ઈશ્વરસિંહ પટેલે લીધી મુલાકાત

૯૨-કપરાડા વિધાનસભા પ્રવાસના બીજા દિવસે જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના રાજ્યકક્ષાના મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના પેઢારદેવી ખાતે અસ્ટ્રોલ યોજનાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત લીધી હતી.આ મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ ઉપસ્થિત ગ્રામજનો સાથે સંવાદ કરી વિસ્તારની પાણી પુરવઠાને લગતી સમસ્યાઓ અને રજૂઆતો સાંભળી હતી. ગ્રામજનો દ્વારા રજૂ કરવામાં આવેલી સમસ્યાઓના ત્વરિત નિરાકરણ માટે તેમણે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.વધુમાં, મંત્રીશ્રીએ વાસ્મો (WASMO)ના અધિકારીઓ પાસેથી યોજનાની કામગીરી અંગે વિગતો મેળવી હતી. જેમાં અત્યાર સુધીમાં કેટલી નવી પાણીની લાઈનો નાખવામાં આવી છે તેમજ આ લાઈનો મારફતે દરરોજ કેટલા લીટર પાણીનો પુરવઠો થઈ શકે છે તે અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી.

આ મુલાકાતનો મુખ્ય હેતુ વિસ્તારના ગ્રામજનોને પીવાના પાણીની સુવિધા સુલભ બને અને પાણી પુરવઠા સંબંધિત સમસ્યાઓનો વહેલી તકે ઉકેલ આવે તે માટે યોજનાની કામગીરીની સમીક્ષા કરવાનો રહ્યો હતો.

— VITHALBHAI CHAUDHARI

નગરી રામેશ્વરમ્ તીર્થધામમાં સોલંકી પરિવાર



તમિલનાડુ ખાતે મહાદેવની પાવન નગરી રામેશ્વરમ્ તીર્થધામમાં સોલંકી પરિવારના માનનીય પુરુષોત્તમભાઈ સોલંકી, હીરાભાઈ સોલંકી દ્વારા આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહની પવિત્ર પોથીયાત્રામાં સહભાગી થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

આ દિવ્ય પ્રસંગે ઉપસ્થિત રહી ખૂબ જ આનંદ અને ધન્યતાની અનુભૂતિ થઈ.

ૐ નમઃ શિવાય

— Anil Vaghela

સાંતલપુરમાં નેશનલ હાઈવે નંબર સત્યાવીશ પર અકસ્માત! પ્રાઈવેટ ટ્રાવેલ્સ બ્રેકથી સર્જાઈ અકસ્માત



સાંતલપુરમાં નેશનલ હાઈવે નંબર સત્યાવીશ પર અકસ્માત! પ્રાઈવેટ ટ્રાવેલ્સ બ્રેકથી સર્જાઈ અકસ્માત

સાંતલપુર પાટણ

સાંતલપુર તાલુકાના નેશનલ હાઈવે નંબર સત્યાવીશ ઉપર આજે રાત્રે આશરે આઠ વાગ્યાના સુમારે સામુહિક આરોગ્ય કેન્દ્ર સરકારી હોસ્પિટલ સામે આવેલા પુલ ઉપર અકસ્માતની ઘટના સર્જાઈ હતી.

મળતી માહિતી મુજબ, પુલ ઉપરથી પસાર થતી એક પ્રાઈવેટ ટ્રાવેલ્સ બસે મુસાફરોને લેવા કે ઉતારવા અચાનક બ્રેક મારતા તેની પાછળ આવી રહેલા કન્ટેનર ચાલકે પણ બ્રેક મારી હતી. જોકે, પાછળથી ગોકુલ કંપનીમાંથી તેલ ભરીને આવી રહેલા ટેન્કરના ચાલકને સમયસર બ્રેક ન લાગતા ટેન્કર કન્ટેનર સાથે અથડાયું હતું. જેના કારણે અકસ્માત સર્જાયો હતો.

સદનસીબે આ અકસ્માતમાં કોઈ ડ્રાઈવર કે અન્ય વ્યક્તિને ઈજા પહોંચી નથી અને મોટી જાનહાનિ ટળી હતી.

પરંતુ આ ઘટનાએ અનેક ગંભીર સવાલો ઊભા કર્યા છે. સાંતલપુર તાલુકા મથક હોવા છતાં નેશનલ હાઈવેનંબર સત્યાવીશ ઉપર આવેલા પુલ પર પ્રાઈવેટ ટ્રાવેલ્સ બસોને મુસાફરો ચઢાવવા-ઉતારવા અથવા વાહન ઊભું રાખવાની મંજૂરી કોણ આપે છે? શું મુસાફરોની સુરક્ષા કરતાં ટ્રાવેલ્સ સંચાલકોની મનમાની વધારે મહત્વની બની ગઈ છે?

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, ક્યારેક સરકારી બસો પણ પુલ ઉપરથી પસાર થતી જોવા મળે છે. આવી પરિસ્થિતિમાં પુલ ઉપર અચાનક બ્રેક મારવી કે મુસાફરોને ઉતારવા-ચઢાવવાથી પાછળથી આવતા ભારે વાહનો માટે અકસ્માતનું જોખમ વધી જાય છે.

— MEHUL SINH JADEJA

જાફરાબાદ માં અકસ્માત રોકવા માટે બમ્પર મુકવામાં આવ્યા પાલિકા પ્રમુખ પ્રતિનિધિ



જાફરાબાદ માં અકસ્માત રોકવા માટે બમ્પર મુકવામાં આવ્યા પાલિકા પ્રમુખ પ્રતિનિધિ પ્રફુલ્લભાઇ બારૈયા દ્વારા વધતા જતા અકસ્માતોને નિયંત્રણ કરવા અને વાહનોની ગતિ અંકુશ મેળવવા માટે મુખ્ય માર્ગો પર સ્પીડ બમ્પર મુકવામાં આવ્યા

સર્જાયેલ ગમખ્વાર અકસ્માત ની ગંભીરતા ધ્યાને લઇ પાલિકા પ્રમુખ પ્રતિનિધિ નિષ્ઠવાન અને પ્રમાણીક એવા પ્રફુલ્લભાઇ બારૈયા દ્વારા બગીચા રોડ અને મુખ્ય માર્ગો ઉપર અકસ્માત રોકવા માટે સ્પીડ બમ્પર મુકવામાં આવ્યા છે. અકસ્માત નિવારણ અને રાહદારીઓની સુરક્ષા ના હેતુસર અનેક મુખ્ય માર્ગો ઉપર સ્પીડ બમ્પર મુકવામાં આવ્યા છે. આઇકોનિક રોડ ઉપર તેમજ ભરચક્ક વિસ્તાર કે જ્યાં ટુ વ્હીલર ટ્રકો ફોર વ્હીલર તથા અન્ય વાહનો ની મોટી સંખ્યામાં અવરજવર રહેતી હોય તેવા વાહનચાલકો ની ગતિ નિયંત્રણ લાવવા અને થતાં અકસ્માતોને રોકવા માટે સ્પીડ બ્રેકર મુકી નાગરિકો ની સલામતિ માટે અને અનમોલ માનવ જીંદગી ના છિનવાઈ તે હેતુ થી પાલિકા દ્વારા જાહેર માર્ગો ઉપર સ્પીડ બમ્પર મુકવામાં આવ્યા છે. આ કામગીરી જાફરાબાદ નગરપાલિકા ચિફ ઓફિસ ભાવનાબેન ગોસ્વામી તેમજ પાલિકા પ્રમુખ શ્રી ના પ્રતિનિધિ પ્રફુલ્લભાઇ બારૈયા તેમજ તેમની ટીમ દ્વારા બગીચા વિસ્તારમાં તથા ચોકડી નજીક તેમજ અન્ય માર્ગો ઉપર સ્પીડ બમ્પર (સ્પીડ બ્રેકર) મુકી ઉમદા કામગીરી હાથ ધરવામાં આવી હતી અને અકસ્માત રોકવા માટે અને અનમોલ માનવ જીંદગી બચાવવા માટે ઉત્તમ કામગીરી હાથ ધરવામાં આવી હતી

— Anil Vaghela

LOCAL

વટવા વિસ્તારમાં ગાંજા સાથે આરોપી ધરપકડ, આગળની તપાસ હાથ ધરાઈ



પોલીસે અમદાવાદના વટવા વિસ્તારમાં ગાંજા સાથે આરોપીને ધરપકડ કરી.

આ ધરપકડ વટવા વિસ્તારમાં થઈ.

આગળની તપાસ હાથ ધરાઈ રહી છે.

— HEETESH SOHAN SHING, Ahmedabad

EDUCATION

રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ ખેડબ્રહ્મા તાલુકાની ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં વિદ્યાર્થીઓ સાથે ભોજન..



સાબરકાંઠાના-:

ખેડબ્રહ્મા તાલુકાની ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ વિદ્યાર્થીઓ સાથે ભોજન લઈ આત્મીય સંવાદ કર્યો.મંત્રીએ બાળકોના અભ્યાસ,શૈક્ષણિક સુવિધાઓ અને ઉજ્જવળ ભવિષ્ય અંગે ચર્ચા કરી અને તેમને શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા પ્રેરિત કર્યા..

વિદ્યાર્થીઓએ મંત્રીએ આપેલી પ્રેરણા અને માર્ગદર્શનને સ્વીકારીને ભવિષ્યમાં વધુ મહેનત કરવાની પ્રતિજ્ઞા કરી.આ મુલાકાતથી સ્થાનિક વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે ઉત્સાહ અને પ્રતિબદ્ધતા વધવાની આશા છે.

— Shahbuddin A Shiroya

LOCAL

રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાની અધ્યક્ષસ્થાને ખેડબ્રહ્મા વિકાસ સમીક્ષા બેઠક..



સાબરકાંઠાના-:

અને પેટ્રોકેમિકલ્સ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરિયાની અધ્યક્ષસ્થાને વિવિધ વિભાગોની કામગીરી અને સરકારી યોજનાઓના અમલીકરણ અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી.બેઠકમાં કલેક્ટર લલિત નારાયણ સિંઘ સાંદુ,જિલ્લા વિકાસ અધિકારી એચ પી પટેલ,જિલ્લા પોલીસ અધિક્ષક ડૉકટર પાર્થરાજસિંહ ગોહિલ, નિવાસી અધિક કલેક્ટર ક્રિષ્ના વાઘેલા, પ્રાયોજના વહીવટદાર વિશાલ સક્સેના, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક કે.પી.પાટીદાર અને પ્રાંત અધિકારીઓ સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા..

બેઠકમાં ખેડબ્રહ્મા,વિજયનગર અને પોશીના તાલુકાના આદિજાતિ વિસ્તારોમાં વિકાસલક્ષી કામગીરીને વધુ વેગવાન બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તેમાં જમીન ફાળવણી, આદિજાતિ વિસ્તારોમાં વીજળીની લાઈનોની સુવિધા, બિનખેતીની અરજીઓનો નિકાલ, બીએસએનએલ કનેક્ટિવિટી તેમજ વિવિધ સરકારી યોજનાઓના અમલીકરણ અને લાભાર્થીઓને યોજનાકીય લાભો પહોંચાડવા સહિતના મહત્વના મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

મંત્રીએ વિવિધ વિભાગો દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરીની વિગતો મેળવી હતી અને જણાવ્યું કે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના વિસ્તારના નાગરિકો સુધી સમયસર પહોંચે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. વિકાસકાર્યો નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય અને મંજૂર થયેલી ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ થાય તે દિશામાં તમામ વિભાગોએ સંકલન સાથે કામગીરી કરવી જોઈએ. સાથે જ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને યોજનાનો લાભ મળે તે માટે અધિકારીઓને જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું.

— Shahbuddin A Shiroya

અહમદાબાદના કાલૂપુરમાં 20 દુકાનો પર AMC નો બુલડોઝર, JCB સામે બેસી ગઈ મહિલાઓ; પોલીસ અને વેપારીઓ વચ્ચે ઝડપ



અહમદાબાદના કાલૂપુરમાં 20 દુકાનો પર AMC નો બુલડોઝર, JCB સામે બેસી ગઈ મહિલાઓ; પોલીસ અને વેપારીઓ વચ્ચે ઝડપ

અહમદાબાદ: ગુજરાતના અહમદાબાદ શહેરના કાલૂપુર વિસ્તારમાં શનિવારે અહમદાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) એ મોટી તોડફોડની કાર્યવાહી શરૂ કરી. ઐતિહાસિક ઝૂલતા મીનારા નજીક સ્થિત લગભગ 20 દુકાનો અને વેપારી એકમોને દૂર કરવા માટે કોર્પોરેશનની ટીમ ભારે પોલીસ વ્યવસ્થા સાથે સ્થળે પહોંચી.

જેમ જ JCB મશીનો દ્વારા દુકાનોને તોડવાની કાર્યવાહી શરૂ થઈ, સ્થાનિક વેપારીઓ અને મહિલાઓએ તેનો જોરદાર વિરોધ કર્યો. ઘણી મહિલાઓ JCB મશીનોના Samne બેસી ગઈ અને પ્રશાસન સામે નારાબાજી કરવા લાગી. પ્રદર્શનકારીઓને દૂર કરતી વખતે પોલીસ અને વેપારીઓ વચ્ચે ધક્કો-મુક્કો અને ઝડપની સ્થિતિ સર્જાઈ.

JCB ના Samne બેસીને મહિલાઓએ કર્યો વિરોધ

વિઘટન (ડિમોલિશન)ની કામગીરી દરમિયાન મહિલાઓએ મશીનોના Samne બેસીને રસ્તો અવરોધ્યો. તેમનું કહેવું હતું કે આ દુકાનોમાંથી તેમના પરિવારોનું જીવિકાપાલન થાય છે. દુકાનો તૂટવાથી તેમની રોજી-રોટી પર સંકટ આવી જશે.

કુલ 20 દુકાનોને ખાલી કરવાની કાર્યવાહી કરવામાં આવી.

26 ઓક્ટોબર 2026ને સંબંધિત દુકાનદારોને નોટિસ આપવામાં આવી હતી.

લગભગ 13 દુકાનદારોએ પોતાની આક્ષેપો નોંધાવ્યા હતા.

આક્ષેપો પર સુનાવણી પછી દુકાનોને ખાલી કરવા માટે આદેશ આપવામાં આવ્યો.

કાર્ય માટે 5 JCB મશીનો લગાવવામાં આવી.

લગભગ 100 પોલીસ કર્મચારીઓની વ્યવસ્થા

લગભગ 100 પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા. તેમાં બે ACP સ્તરની અધિકારીઓ પણ સામેલ હતા.

પોલીસની હાજરીમાં દુકાનોને દૂર કરવાની કાર્યવાહી આગળ વધારી. આ દરમિયાન દુકાનદારો પોતાનો સામાન પણ બહાર કાઢતા દેખાયા.

ઝૂલતા મીનારા આસપાસ જાહેર પ્લાઝા બનાવશે

હેઠળ સ્ટેશન અને આસપાસના વિસ્તારોને સુધારવાની યોજના છે. કોર્પોરેશનનું કહેવું છે કે રેલવે સ્ટેશનનું કામ પૂર્ણ થયા પછી અહીં દરરોજ લગભગ 3 લાખ યાત્રીઓની આવક-જાવકની શક્યતા છે.

આ જ યોજના હેઠળ ઝૂલતા મીનારા આસપાસનું ક્ષેત્ર ખુલ્લું અને વ્યવસ્થિત બનાવીને જાહેર પ્લાઝા તરીકે વિકસાવવામાં આવશે.

— Hitesh Gumrani, Ahmedabad

લુણાવાડા સ્નેહમિલનમાં કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાજી ઉપસ્થિત

લુણાવાડા ખાતે ધારાસભ્ય શ્રી ગુલાબસિંહ ચૌહાણ અને લુણાવાડા કોંગ્રેસ પરિવાર દ્વારા આયોજિત સ્નેહમિલનમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમિત ચાવડાજી ઉપસ્થિત રહ્યા.

જનતાના હક-અધિકાર માટે વધુ તાકાતથી લડવાનો સંકલ્પ લીધો.

આ સ્નેહમિલનમાં હાજર રહેલા સભ્યોમાં રેન્ડીપ સિંહ સુરજેવાળા, અમિત ચાવડાજી અને ડૉ. તુષાર ચૌધરી જેવા મુખ્ય વ્યક્તિઓનો સમાવેશ થયો.

આ કાર્યક્રમનું ઉદ્દેશ્ય કોંગ્રેસના સભ્યો અને કાર્યકર્તાઓ વચ્ચે સહયોગ વધારવાનું અને નવા વર્ષમાં જનતાના હિત માટે કાર્ય કરવાની પ્રતિબદ્ધતા દર્શાવવાનું હતું.

— Solanki Bhadreshkumar Javanbhai